**GUJARAT BILL NO. 1 OF 2026.**

# THE GUJARAT SHOPS AND ESTABLISHMENTS (REGULATION OF EMPLOYMENT AND CONDITIONS OF SERVICE) (AMENDMENT) BILL, 2026.

## A BILL

*further to amend the Gujarat Shops and Establishments (Regulation of Employment and Conditions of Service) Act, 2019.*

**સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક : ૧.**

## ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વિધેયક, ૨૦૨૬.

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ વધુ સુધારવા બાબત વિધેયક.

આથી, ભારતના ગણરાજ્યના સિત્યોતેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે :-

**ટૂંકી સંજ્ઞા અને આરંભ.**

**૧.** (૧) આ અધિનિયમ ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) અધિનિયમ, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, સન ૨૦૨૫ના ડિસેમ્બર મહિનાની ૧૬મી તારીખે અમલમાં આવ્યો હોવાનું ગણાશે.

**સન ૨૦૧૯નો ગુજરાતનો ૪થો.**

**સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૧નો સુધારો.**

**૨.** ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ (જેનો આમાં હવે પછી, "મુખ્ય અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, કલમ ૧માં, પેટા-કલમ (૩)માં, બે જગ્યાએ આવતા, "દસ" એ શબ્દને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો.

**સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૭નો સુધારો.**

**૩.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૭માં,-

(૧) "દસ" એ શબ્દ જ્યાં-જ્યાં આવે છે ત્યાં તેને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો;

(૨) હાંસિયાની નોંધમાં, "દસ" એ શબ્દને બદલે, "વીસ" એ શબ્દ મૂકવો.

સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૧૨નો સુધારો.

**૪.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૨માં, “નવ કલાકથી” અને “પાંચ કલાકથી” એ શબ્દોને બદલે, અનુક્રમે “દસ કલાકથી” અને “છ કલાકથી” એ શબ્દો મૂકવા.

સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૧૩નો સુધારો.

**૫.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૩માં,-

(૧) પેટા-કલમ (૨)માં, વિદ્યમાન પરંતુકને બદલે, નીચેનો પરંતુક મૂકવોઃ-

“પરંતુ એવી કોઇ દુકાન અથવા સંસ્થા જેમાં આરામ માટેના રૂમ, રાત્રી ઘોડિયાઘર, મહિલાઓ માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ અને સંસ્થામાંથી તેમના નિવાસસ્થાન સુધી તેમને લાવવા-લઇ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવતી હોય એવી દુકાન અથવા સંસ્થામાં મહિલા કામદારની સંમતિથી, તેને રાત્રીના ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા વચ્ચેના સમયમાં કામ કરવાની પરવાનગી આપી શકાશે.”;

(૨) પેટા-કલમ (૨) પછી, નીચેની પેટા-કલમ ઉમેરવીઃ-

“(૩) આગળની પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી, જાહેર હિતમાં, પોતે યોગ્ય ગણે તેવા વિસ્તાર અથવા વિસ્તારોમાંની આવી દુકાન અથવા સંસ્થામાં, રાત્રીના ૯ વાગ્યા પછી અને સવારના ૬ વાગ્યા પહેલાં, મહિલા કામદારોના રોજગાર પર પ્રતિબંધ મૂકી શકશે અથવા તેનું નિયમન કરી શકશે.”.

સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા અધિનિયમની કલમ ૧૫નો સુધારો.

**૬.** મુખ્ય અધિનિયમમાં, કલમ ૧૫માં,-

(૧) “નવ કલાક” એ શબ્દોને બદલે, “દસ કલાક” એ શબ્દો મૂકવા;

(૨) “એક સો પચીસ કલાકથી” એ શબ્દોને બદલે, “એકસો ચુંમાળીસ કલાકથી” એ શબ્દો મૂકવા.

સન ૨૦૨૫નો ગુજરાત વટહુકમ ક્રમાંક. ૩.

**૭.** (૧) ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વટહુકમ, ૨૦૨૫ આથી રદ કરવામાં આવે છે. રદ કરવા બાબત અને અપવાદ.

(૨) આવી રીતે રદ કરવામાં આવ્યો હોવા છતાં, સદરહુ વટહુકમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું કોઈ કાર્ય અથવા લીધેલું કોઈ પગલું, આ અધિનિયમથી સુધાર્યા પ્રમાણેના મુખ્ય અધિનિયમ હેઠળ કરેલું અથવા લીધેલું હોવાનું ગણાશે.

# ઉદ્દેશો અને કારણો

ગુજરાત રાજ્ય-એ, કામદારોની કામની સ્થિતિમાં સુધારો કરવા, મહિલાઓ માટે નોકરીની વધુ તકો ઊભી કરવા અને કામકાજ કરવા માટે સાનુકૂળ વાતાવરણ પૂરું પાડવાના હેતુથી, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ અધિનિયમિત કર્યો છે. તેમાં, વર્ષ દરમિયાન ૩૬૫ દિવસ સંસ્થા ચલાવવાની અને તેને ખોલવાના/ બંધ કરવાના સમયની સ્વતંત્રતા માટેની, સ્ત્રીઓને પૂરતી સુરક્ષા અને સલામતીની જોગવાઇઓ સાથે રાત પાળી દરમિયાન કામ કરવાની પરવાનગી આપવાની, સરળ બનાવેલી કાર્યરીતિથી ઓનલાઇન રજિસ્ટ્રેશન માટેની, કામદારોની સુરક્ષા અને તેમના આરોગ્ય વગેરે માટે માલિક દ્વારા લેવાનાં પૂરતા પગલાં માટેના નિયમો કરવા અંગેની સરકારની સત્તાની પણ જોગવાઇ કરી છે.

રાજ્ય સરકારને, વીસ અથવા તેથી વધુ કામદારોને કામે રાખનાર સંસ્થાઓ માટેની અધિનિયમની લાગુ પડતી મર્યાદા વધારવા માટે, સદરહુ અધિનિયમ સુધારવાનું જરૂરી જણાયું છે.

કામ અને વેતનની સમાનતા અને સમાન તક પૂરી પાડીને ઓવરટાઇમ કામ પર મહિલા કામદારોને રોજગારી આપવાનું તેમજ આવી દુકાન અથવા સંસ્થામાં પૂરી પાડવામાં આવતી હોય તેવી આરામ માટેના રૂમ, રાત્રી ઘોડિયાઘર, મહિલાઓ માટેના શૌચાલય, તેમના ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણ અને સંસ્થામાંથી તેમના નિવાસસ્થાન સુધી તેમને લાવવા-લઇ જવાની વ્યવસ્થા માલિક દ્વારા પૂરી પાડવામાં આવશે તે શરતને અધીન રહીને, મહિલાઓ માટે ચોવીસ કલાક રોજગારી પૂરી પાડવાનું પણ જરૂરી જણાયું છે.

રાજ્ય સરકારને, કોઇપણ ત્રિમાસ માટે ઓવર-ટાઇમ કામના કુલ કલાકની સંખ્યા એકસો ચુંમાળીસ કલાક કરતાં વધે નહિ તે રીતે કામદારોને ઓવર-ટાઇમ કામ કરવાની પરવાનગી આપવાનું પણ જરૂરી જણાયું છે.

ગુજરાત રાજ્યની વિધાનસભાનું સત્ર તે સમયે ચાલુ ન હોવાથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા માટે, ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) (સુધારા) વટહુકમ, ૨૦૨૫ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. આ વિધેયકથી, સદરહુ વટહુકમને સ્થાને રાજ્ય વિધાનમંડળનો અધિનિયમ મૂકવા ધાર્યું છે.

**કુંવરજીભાઇ બાવળીયા,**

**ધારાકીય સત્તા સોંપવાની યાદી**

આ વિધેયકમાં, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણીનો સમાવેશ થાય છે:-

**કલમ ૫.-** આ કલમથી દાખલ કરવા ધારેલી કલમ ૧૩ની નવી પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, રાજપત્રમાં જાહેરનામાથી, પોતે યોગ્ય ગણે તેવા તેમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તાર અથવા વિસ્તારોમાંની આવી દુકાન અથવા સંસ્થામાં, રાત્રીના ૯ વાગ્યા પછી અને સવારના ૬ વાગ્યા પહેલાં, મહિલા કામદારોના રોજગાર પર પ્રતિબંધ મૂકવાની અથવા તેનું નિયમન કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

**તારીખ: ૧૧મી ફેબ્રુઆરી, ૨૦૨૬.** **કુંવરજીભાઇ બાવળીયા.**

## પુરવણી

## ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ (સન ૨૦૧૯ના ગુજરાતના ૪થા)માંથી ઉતારા.

**ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, લાગુ પડવા બાબત અને આરંભ.**

૧. (૧) અને (૨) XXX XXX XXX

(૩) આ અધિનિયમની કલમ ૭ સિવાયની જોગવાઇઓ, દસ અથવા તેથી વધારે કામદારોને નોકરીએ રાખેલા હોય તેવી દુકાન અને સંસ્થાને લાગુ પડશે અને કલમ ૭ની જોગવાઇઓ, દસ કરતાં ઓછા કામદારોને નોકરીએ રાખેલી દુકાન અને સંસ્થાને લાગુ પડશે.

(૪) XXX XXX XXX

**દસ કરતા ઓછા કામદારો ધરાવતી સંસ્થા દ્વારા જાણકારી.**

૭. (૧) આ અધિનિયમના આરંભની તારીખથી અથવા સંસ્થા તેના કામકાજનો આરંભ કરે તે તારીખથી સાઠ દિવસની મુદતની અંદર, દસ કરતા ઓછા કામદારો નોકરીએ રાખનાર દરેક સંસ્થાના માલિકે, ધંધાની જગ્યા જેમની હકૂમતમાં આવેલી હોય તેવા ઈન્સ્પેક્ટરને, માલિક અને મેનેજરનું નામ, સંસ્થાનું નામ, ધંધાનો પ્રકાર, કામદારોની સંખ્યા અને ઠરાવ્યા પ્રમાણેની એવી બીજી વિગતોનો સમાવેશ કરતા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, સ્વ-એકરાર તથા સ્વ-પ્રમાણિત દસ્તાવેજો સાથે ઠરાવેલા નમૂનામાં, ઓનલાઈન અરજી રજૂ કરીને, ધંધાની શરૂઆત કર્યાની જાણ આપવી જોઈશે. ઈન્સ્પેક્ટર-એ, આવી સંસ્થાના માલિકને જાણની પહોંચ ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તે રીતે કાઢી આપવી જોઈશે. જાણની પહોંચની વિગતો, ઠરાવવામાં આવે એવા નમૂનામાં, જાળવવામાં આવતા રજિસ્ટરમાં ઓનલાઈન રેકર્ડ કરવી જોઈશે:

પરંતુ સંસ્થામાં નોકરીએ રાખેલા કામદારોની સંખ્યા, કોઈપણ સમયે દસ અથવા તેનાથી વધારે થાય, તો આ અધિનિયમની તમામ જોગવાઈઓ, આવી સંસ્થાને લાગુ પડશે અને આવી સંસ્થાના માલિકે, કલમ ૬ની જોગવાઈઓ પ્રમાણે રજિસ્ટ્રેશન મેળવવું જોઇશે:

વધુમાં, અહીં ઉપરમાંનો કોઈપણ મજકૂર, ગુજરાત દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ અગાઉથી કાયદેસર રજિસ્ટ્રેશન ધરાવતી દુકાન અને સંસ્થાને, તેના રજિસ્ટ્રેશનની મુદત પૂરી થાય ત્યાં સુધી લાગુ પડશે નહિ. **સન ૧૯૪૮નો મુંબઇનો ૭૯મો.**

(૨) દસ કરતા ઓછા કામદારોને નોકરીએ રાખનાર આવી સંસ્થાના માલિકે, ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તે રીતે, ધંધો બંધ કર્યાની તારીખથી ત્રીસ દિવસની અંદર ઈન્સ્પેક્ટરને ધંધા માટે આવી સંસ્થા બંધ કરવામાં આવી છે તેની જાણ કરવી જોઈશે. માહિતી મળ્યેથી, ઈન્સ્પેક્ટર-એ, સંસ્થાના રજિસ્ટરમાંથી આવી સંસ્થાની નોંધ દૂર કરવી જોઈશે.

**કામના કલાકો નક્કી કરવા બાબત.**

૧૨. આ અધિનિયમની બીજી જોગવાઇઓને અધીન રહીને, કોઈપણ કામદારને, કોઇ દુકાન અથવા સંસ્થામાં કોઇ દિવસમાં, નવ કલાકથી વધારે અને કોઇ અઠવાડિયામાં અડતાળીસ કલાકથી વધારે કામ કરવાનું ફરમાવવું જોઈશે નહિ અથવા પરવાનગી આપવી જોઈશે નહિ. કોઈપણ કામદારને, અડધો કલાકથી ઓછા સમયનો નહિ તેટલો વિરામ (વિશ્રાંતિનો સમય) આપવામાં આવ્યો હોય તે સિવાય, સળંગ પાંચ કલાકથી વધુ સમય માટે કામ કરવા માટે ફરજ પાડવી જોઈશે નહિઃ

પરંતુ ઈન્સ્પેક્ટરની પૂર્વ-પરવાનગીથી, તાકીદના પ્રકારના કામના કિસ્સામાં, કામના કલાકો અથવા અઠવાડિક રજાના દિવસની છૂટછાટ આપી શકાશે.

**મહિલા કામદાર વિરુદ્ધ ભેદભાવ કરવા પર પ્રતિબંધ.**

૧૩. (૧) XXX XXX XXX

(૨) કોઈપણ મહિલા કામદારને, સવારના ૬ વાગ્યા થી સાંજના ૯ વાગ્યા વચ્ચેના સમય સિવાય, કોઈ સંસ્થામાં કામ કરવા ફરમાવવું જોઈશે નહિ અથવા કામ કરવાની પરવાનગી આપવી જોઈશે નહિઃ

પરંતુ ઈન્સ્પેકટર અથવા તેમણે આ અર્થે અધિકૃત કરેલી કોઈપણ વ્યક્તિને એવી ખાતરી થાય કે આશ્રયસ્થાન, આરામ માટેના રૂમ, રાત્રી ઘોડિયાઘર, મહિલાઓ માટેના શૌચાલય, ગૌરવ, સન્માન અને સલામતીના યોગ્ય રક્ષણ, જાતીય સતામણીથી રક્ષણની વ્યવસ્થાઓ અને આવી દુકાન અથવા સંસ્થામાંથી, મહિલા કામદારના નિવાસસ્થાનના બારણા (જગ્યા) સુધીની તેની હેરફેરની વ્યવસ્થા એવી દુકાન અથવા સંસ્થામાં વિદ્યમાન છે, તો તે, મહિલા કામદારની સંમતિ મેળવ્યા પછી, હુકમમાં નિર્દિષ્ટ કરવામાં આવે તેવી શરતોને અધીન રહીને, સાંજના ૯ વાગ્યા થી સવારના ૬ વાગ્યા વચ્ચેના સમયમાં કામ કરવાની તેને પરવાનગી આપી શકાશે.

**ઓવરટાઇમ માટેના વેતનની ચુકવણી.**

૧૫. કોઈ દુકાન અથવા સંસ્થામાં કામદારને, દિવસમાં નવ કલાક અથવા અઠવાડિયામાં અડતાલીસ કલાકથી વધુ સમય સુધી કામ કરવા ફરમાવ્યું હોય, ત્યારે તે, ઓવરટાઇમ (અધિક સમય)ના કામના સંબંધમાં, તેના વેતનના સામાન્ય દરના બમણા દરે વેતન મેળવવા માટે હકદાર રહેશે. ઓવરટાઇમના કલાકોની કુલ સંખ્યા, ત્રણ મહિનાની મુદતમાં એક સો પચીસ કલાકથી વધુ હોવી જોઈશે નહિ.

**ગુજરાત વિધાનસભા સચિવાલય**

**[સન ૨૦૨૬નું ગુજરાત વિધેયક ક્રમાંક. ૧.]**

ગુજરાત દુકાન અને સંસ્થા (રોજગાર નિયમન અને સેવાની શરતો) અધિનિયમ, ૨૦૧૯ વધુ સુધારવા બાબત વિધેયક.

**[શ્રી કુંવરજીભાઈ બાવળીયા,**

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર મંત્રીશ્રી]**

**(સન ૨૦૨૬ના ફેબ્રુઆરી મહિનાની ૧૧મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)**

**ચેતન પંડયા,**
**સચિવ,**
**ગુજરાત વિધાનસભા.**